## Eternal Birth

- His birth is an eternal birth in the history of the universe.
- Physically the consequence of the birth will be of eternal importance to the world.
- Mentally it is a birth that will be eternally remembered in the universal history.
- Psychically a birth that recurs for ever from age to age upon earth.
- Spiritually, the birth of the eternal upon earth.

**– The Mother**

## શાશ્વત જન્મ

- વિશ્વના ઇતિહાસમાં તેમનો જન્મ એક શાશ્વત જન્મ છે.
- પાર્થિવ રીતે આ જન્મનાં પરિણામો વિશ્વમાં શાશ્વતી પર્યંત મહત્ત્વનાં રહેશે .
- માનસિક રીતે વિશ્વના ઇતિહાસમાં શાશ્વતી પર્યંત આ જન્મને યાદ કરવામાં આવશે.
- ચૈતસિક રીતે પૃથ્વી ઉપર યુગે યુગે સદા કાળ આ જન્મનું પુનરાવર્તન થતું રહેશે.
- આધ્યાત્મિક રીતે શાશ્વતનો પૃથ્વી ઉપર જન્મ.

**– શ્રી માતાજી**

©SRI AUROBINDO ASHRAM TRUST, PONDICHERRY.
FROM: SRI AUROBINDO KENDRA,
MATRUBHAVAN 87, SWASTIK SOCIETY, AHMEDABAD-9
https://themothersprosperity.org

# Prosperity

શ્રી માતાજીની
સિદ્ધિ-રિદ્ધિ

**2025**
**AUGUST**
૧ ઑગસ્ટ, ૨૦૨૫

# THE DIVINE BIRTH...
## દિવ્ય જન્મ...



A miracle of the Absolute was born;
Infinity put on a finite soul,
All ocean lived within a wandering drop,
A time-made body housed the Illimitable.

(Savitri-II-1-101) **– Sri Aurobindo**

કેવલબ્રહ્મસત્તાની જન્મી એક ચમત્કૃતિ,
સાન્ત જીવતણું રૂપ ધારી લેતી અનંતતા,
વસ્યો આખો મહાસિન્ધુ ઘૂમતા એક બિન્દુમાં,
બન્યું અસીમનું ધામ કાળ-નિર્મ્યું કલેવર.

સાવિત્રી - અનુ. પૂજાલાલ - પૃ. ૧૫૧

## THE DIVINE BIRTH

… The divine birth is that of the conscious Godhead in our humanity and essentially the opposite of the ordinary birth even though the same means are used, because it is not the birth into the Ignorance, but the birth of the knowledge, not a physical phenomenon, but a soul- birth. It is the Soul's coming into birth as the self-existent Being controlling consciously its becoming and not lost to self- knowledge in the cloud of the Ignorance... The Avatar comes as the manifestation of the divine nature in the human nature. ... That is why each Incarnation holds before men his own example and declares of himself that he is the way and the gate; he declares too the oneness of his humanity with the divine being, declares that ... Krishna in the human body, *mānuṣīṁ tanum āśritam,* and the supreme Lord and Friend of all creatures are but two revelations of the same divine Purushottama, revealed there in his own being, revealed here in the type of humanity.

(From 'The Message of THE GITA') **– Sri Aurobindo**

Edited by ANILBARAN ROY P. 69-71

## દિવ્ય જન્મ

દિવ્ય જન્મ એટલે સજ્ઞાન પરમાત્માનું આપણી માનવીય પ્રકૃતિમાં અવતરણ, જે સામાન્ય જન્મ કરતા તદ્દન જુદીજ ઘટના છે. કારણ કે તે અજ્ઞાનમય જીવનો અજ્ઞાન દશામાં જન્મ નથી પરંતુ એક સજ્ઞાન આત્મતત્ત્વ નો અવિર્ભાવ છે. દિવ્ય જન્મમાં પ્રભુ પોતે સ્વયંભૂ તરીકે જન્મ ધારણ કરે છે અને પ્રભુ પોતે જ પોતાના નિયંતા હોય છે, અને તેમનું જ્ઞાન સામાન્ય માનવની જેમ અજ્ઞાનના આવરણમાં લુપ્ત થઈ જતું નથી. ... અવતાર માનવની પ્રકૃતિની અંદર આવીને દૈવી પ્રકૃતિનું પ્રાકટ્ય કરે છે. ... આ કારણને લઈને પ્રત્યેક અવતાર જનસમાજ સમક્ષ પોતાનું દૃષ્ટાંત રજૂ કરે છે; અને એમ પણ જાહેર કરે છે કે પોતે જ માનવના ઉત્થાનનો માર્ગ છે, અને દિવ્યતાનું પ્રવેશદ્વાર છે. વળી માનવતા અને પ્રભુતા બન્ને એક જ છે એ બન્ને અભિન્ન છે એ વસ્તુ તે પ્રગટ રીતે કહે છે. ... માનુષી શરીરમાં રહેલા શ્રી કૃષ્ણ – मानुषीं तनुं आश्रितः – અને પરમ ઈશ્વર, સર્વ પ્રાણીઓના સુહૃદ એ બન્ને એક જ પુરુષોત્તમનાં પ્રાકટ્ય છે, એના જ બે અવિર્ભાવ છે, – એકમાં તે પોતાના દિવ્ય સત્ત્વમાં પ્રગટ થાય છે, બીજામાં માનવની કોટિમાં તે અભિવ્યક્ત થાય છે.

અનુ: પુરાણીજી ('ગીતા નિબંધો' માંથી)
(The Message of The Gita Edited by Anilbaran Roy)